ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# લાંચ કેસમાં ઝડપાયેલા ડેપ્યુટી એન્જિનિયરને ત્રણ વર્ષની કેદ

**બોર કુવાના પાણીનો કોર્મશિયલ ઉપયોગ કરો છો તેવી અરજી મળી હોવાનુ જણાંવી ખેડુત પાસે રૂ ૫ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા હતા**

ગાંધીનગર તા ૨૪

બોર કુવાનુ પાણીનો કોર્મશિયલ ઉપયોગ કરીને વેચાણ કરવાના મામલે અરજીનો નિકાલ કરવા લાંચની રકમ લેતા રંગેહાથ ઝડપાયેલા ઉત્તર ગુજરાત વીજ કંપનનીના ડેપ્યુટી એન્જિનિયરને ગાંધીનગરની એડિશ્નલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટે ત્રણ વર્ષની સજા ભોગવવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર દહેગામના પાલૈયા ગામના જગદીશભાઈ રામભાઈ પટેલને ઉત્તર ગુજરાત વિજ કંપની લિમીટેડ દહેગામના જુનિયર એન્જિનિયરે બોલાવી તેમનો જણાંવ્યુ હતુ કે તમારા બોર કુવાનુ પાણી ટેન્કરથી વેચાણ કરી કોર્મશિયલ ઉપયોગ કરવાના મામલે અરજી મળી છે. જયારે આ અંગે ડેપ્યુટી એન્જિનિયર બાબુભાઈ માનસીંગભાઈ ચૌધરી સાથે વાત થઈ છે. તેમજ રૂ ૫ હજાર આપવાનુ કહ્યુ છે. આ મામલે જગદીશભાઈએ આ રકમ તા ૧૪ જુન વર્ષ ૨૦૧૧ ના રોજ આપવાનો વાયદો કર્યો હતો. આ મામલે તેમણે ફરિયાદ આપતા એ સી બી એ છટકુ ગોઠવ્યુ હતુ આ

● અનુસંધાન પાન-૭ પર



મેરી ક્રિસમસ - પ્રેમ અને કરૂણના સંદેશ વાહક ભગવાન ઈશુના જન્મદિવસને નાતાલ પર્વ તરીકે વિશ્વભરમાં ઉજવણી કરાય છે... ભગવાન ઈશુના જન્મ સમયની કથા મુજબ માતા મેરી ઈશુના ઉછેર જે પ્રેમથી કરે છે તેવા દશ્યો ગાંધીનગરથી લઈ વિશ્વના ખૂણે-ખૂણે પ્રતિકૃતિ રૂપે ઉભા કરાય છે... ગાંધીનગરના સેકટર-૮ના ચર્ચ ખાતે આબેહૂબ પ્રતિકૃતિ જાણે કે તે જ સમયની સ્મૃતિઓની ખડી કરે છે...

# રેરાને કચેરીનુ અલાયદુ બિલ્ડીંગ બાધવા જમીન ફાળવવા નિર્ણય

**રેરાએ ગુડાને જમીન ફાળવણી માટે દરખાસ્ત કરી હવે લેન્ડ ડિસ્પોઝેબલ કમિટી જમીનની કીંમત નિયક કરશે : સરગાસણ કે કુડાસણમાં જમીન ફાળવવામાં આવશે**

ગાંધીનગર તા ૨૪

રીયલ એસ્ટેટ મામલે ગ્રાહકોનુ હીત જાળવતી ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીની કચેરી હાલ સહયોગ સંકુલમાં કાર્યરત છે. જયારે આ કચેરીના અલાયદા બિલ્ડીંગ માટે ગુડાને જમીન ફાળવવા માટે પણ દરખાસ્ત કરવામાં આવી છે. ગુડાએ બે દિવસ અગાઉ મળેલી બોર્ડ બેઠકમાં આ મુદ્દે ચર્ચા પણ કરી હતી જયારે આ મામલે લેન્ડ ડીસ્પોઝેબલ કમિટીને દરખાસ્ત કરી દીધી છે. જેના અંતે આગામી દિવસામાં રેરાની અલાયદી કચેરીના નિર્માણ માટે ગુડા કક્ષાએથી જમીન ફાળવી દેવાશે.

રીયલ એસ્ટેટ મામલે ગ્રાહકોનુ હીત જાળવવાનુ કામ કરતી ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીનુ મુખ્ય કાર્યાલય સહયોગ ભવનમાં કાર્યરત છે. જયારે આ કચેરી માટે અલગ બિલ્ડીંગ ઉભુ કરવા માટે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ સમક્ષ જમીનની માંગણી કરવામાં આવી છે. જયારે ગુડા દ્વારા આ મામલે સંબાંધિત જમીનની કીંમત નિયત કરવા માટે લેન્ડ ડિસ્પોઝલ કમિટી સમક્ષ દરખાસ્ત મુકવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાયસણમાં ટાન્ઝાનિયાની બે વિદ્યાર્થીનીઓને શંકાસ્પદ ઓમિક્રોન

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના બે કેસ મળી આવ્યા છે. આજે મળેલા આ બંને દર્દી ઓમિક્રોન માટે હાઈરિસ્ક ધરાવતા દેશમાંથી આવ્યા હોવાથી તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા આ બે કેસ સાથે કોરોનાના કેસોની સંખ્યા ૩૩ થઈ છે. આજે શહેરમાં વધુ એક દર્દી કોરોના મુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

**શહેરમાં અત્યાર સુધીમાં ૩૩ કેસ નોંધાયા : હાલ ૧૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ**

મળતી વિગતો પ્રમાણે આજે નોંધાયેલા બંને કેસ યુવતીઓના છે. તેઓ ટાન્ઝાનિયાથી આવ્યા છે. ગુજરાત આવ્યા પછી ૮મા દિવસે કરાયેલા ટેસ્ટમાં આ બંને યુવતીઓના રિપોર્ટ પોઝિટીવ આવતા આરોગ્ય તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

આરોગ્ય તંત્રએ ઓમિક્રોન શંકાસ્પદ હોવાથી તેમના બીજા નમૂના મેળવે અને ગુજરાત બાયોટેક રિસર્ચ સેન્ટરમાં તપાસ માટે મોકલી આપ્યા છે. આ બંને યુવતીઓને હાલ સારવાર માટે ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ બંને યુવતીઓ એ-સિમ્ટોમેટીક હોવાનું જણાયું છે. જોકે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

મળતી પ્રાથમિક વિગતો પ્રમાણે આ બંને યુવતીઓએ વેક્સિનના પ્રથમ ડોઝ લીધો છે. પોતાના અભ્યાસ માટે તે ભારત અને ગુજરાત આવી છે. આ બંને યુવતીઓની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગરમાં વિદેશથી આવેલા ૪ મુસાફરોને કોરોના જણાયો છે. જે પૈકી સે.૧માં આવેલ યુવકનો રિપોર્ટ ઓમિક્રોન પોઝીટીવ જણાયો હતો. આ યુવકની સારવારને અંતે તેના સળંગ બે દિવસ કોરોના રિપોર્ટ નેગેટીવ આવતા ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે જે નોંધનીય છે.

ગાંધીનગર શહેરમાંથી આજે હાઈરિસ્ક દેશની બે યુવતીઓના રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્રમાં પણ દોડધામ વધી જવા પામી છે. જોકે કોરોનાને લઈ શહેરીજનોમાં ફફડાટની લાગણી પ્રસરી જવા પામી છે. ગાંધીનગર શહેરમાં જે ગતિએ કેસો મળી રહ્યા છે તેને પગલે તંત્રએ પણ હવે સોશ્યલ ડિસ્ટન્સીંગ, ફરજીયાત માસ્કના નિયમની અમલવારીનો કડકાઈથી અમલ કરવા તાકિદ કરી છે.

તંત્રએ આ યુવતીઓના સંપર્કમાં આવેલ લોકોની યાદી તૈયાર કરવાની કામગીરી હાથ ધરી છે. તંત્ર દ્વારા સંપર્દમાં આવેલ લોકોના નમૂના મેળવી ચકાસલણી કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે. ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા બે કેસ સાથે એક્ટીવ દર્દીઓની સંખ્યા વધીને ૧૩ થઈ છે. શહેરમાં હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું પણ અસરકારક મોનીટરીંગ કરવા માટે તાકિદ કરી છે.

# શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪ ડિગ્રી પારો ઉંચકાયો

**ઠંડીમાં ભારે રાહત : લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી : વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ તાપમાનમાં વધારો : કોલ્ડવેવની અસર ઓછી થઈ**

ગાંધીનગર, તા.૨૪

છેલ્લા એક અઠવાડિયાથી ચાલી રહેલી શીતલહેર પર બ્રેક લાગી ગઈ છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે લઘુત્તમ તાપમાનમાં વધારો થયો છે. એક જ દિવસમાં પારો ૪ ડિગ્રી ઉચકાતાં વસાહતીઓને ઠંડીમાં થોડીક રાહત મળી હતી.

ગાંધીનગર શહેરમાં છેલ્લા એક અઠવાડિયાથી શીતલહેરની અસર જોવા મળી રહી હતી. લઘુત્તમ તાપમાન છેક ૬.૫ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. જોકે ગઈકાલ સાંજથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ વાદળો છવાયા હતા. વહેલી સવારે ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું.

વાદળો અને ધુમ્મસના કારણે ઠંડી ઘટી હતી. લઘુત્તમ તાપમાન ૪ ડિગ્રી જેટલું વધીને ૧૨ ડિગ્રી નોંધાતા ઠંડીમાં થોડીક રાહત થઈ હતી. ઠંડીમાં ઠુંઠવાઈ રહેલા વસાહતીઓને ખુબ રાહત લાગી હતી. જોકે વાદળોના કારણે તડકો ન નીકળતા મહત્તમ તાપમાન એક ડિગ્રી જેટલું ઘટ્યું હતું. અને તે ૨૭ ડિગ્રી નોંધાયું હતું.

આ સપ્તાહના પ્રારંભે બે દિવસ ૬.૫ ડિગ્રી અને બે દિવસ ૮ ડિગ્રી લઘુતમ તાપમાન રહેતા શહેર આખું ઠુંઠવાયું હતું. ૪ દિવસના કોલ્ડ વેવ બાદ ગુરૂવારની રાત્રિએ લઘુતમ તાપમાન ૧૨ ડિગ્રી રહેતા શહેરીજનોએ ભારે રાહત અનુભવી હતી.

હવામાન વિભાગે આગાહી કરી છે કે, આગામી એકાદ-બે દિવસમાં તાપમાનમાં વધુ વધારો થઈ શકે છે. વળી વાદળોની અવરજવર વધતા ક્યાંક ક્યાંક માવઠું પણ પડી શકે છે.

# આજોલ ખાતે 5G ગ્રામીણ બ્રોડ બેન્ડ માટે ટેકનોલોજી ટ્રાયલ લેવાયો

ગાંધીનગર, તા.૨૪

દેશના પ્રથમ 5G ગ્રામીણ બ્રોડ બેન્ડ માટે ટેકનોલોજી ટ્રાયલ ગુરૂવારે ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના આજોલ ગામમાં શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં ઉનાવા ૧૭ કિમી દૂર બેઝ ટ્રાન્સસીવર સ્ટેશન સ્થાપિત કરવામાં આવ્યું હતું.




ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ અને બે પ્રાઈવેટ મોબાઈલ સર્વિસ પ્રોવાઈડરના પ્રતિનિધિઓની બનેલી ટીમે માણસા તાલુકાના આજોલ ગામની મુલાકાત લીધી હતી. અધિકારીઓ ૧૦૫.૪૭ એમબીપીએસ ડાઉનલોડ સ્પીડ અને ૫૮.૭૭ એમબીપીએસ અપલોડ સ્પીડ રેકર્ડ કરી છે.

વરિષ્ટ ડીઓટી અધિકારીઓએ જણાવ્યું હતું કે જે પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે તે ટેકનોલોજીમાં ૩૬૦ ડિગ્રી વર્ચ્યુઅલ રિયાલિટી કનેકટેડ કલાસરૂમ છે જયાં વિદ્યાર્થીને એવું લાગે છે કે તેમના શિક્ષક વ્યકિતગત રીતે તેમના પર ધ્યાન આપે છે તેમજ અવાજના માધ્યમથી વિદ્યાર્થી શિક્ષક સાથે સામસામે વાતચીત કરી શકે છે.

અન્ય એક ક્ષેત્ર જેનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે તે 5G ઈમર્સિવ ગેમિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આસીસ્ટેડ છે. તેનું પરીક્ષણ ૩૬૦ ડિગ્રી કેમેરા રીઅલ ટાઈમ વિડિયો સ્ટ્રીમ સાથે કરવામાં આવી રહ્યું છે.

ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન 5G ટેકનોલોજીનો અન્ય સંભવિત ઉપયોગ કરવાના પરીક્ષણની પણ યોજના બનાવી રહ્યું છે. આ યોજના અંતિમ વપરાશકર્તાઓ ૩૬૦ ડિગ્રી અનુભવ પ્રાપ્ત કરી શકે તેવી છે. જયાં વપરાશકર્તા આપેલા વાતાવરણમાં વસ્તુઓ અને લોકોને પણ ઓળખી શકશે.

ગુરૂવારે ગુજરાત ડીઓટી એલએસએની ટીમમાં DDG અજાતશત્રુ સોમાણી, રોશનલાલ મીણા, ડાયરેકટર સુમિત મિશ્રા અને વિકાસ દધીચ સહિતની ટેકનીકલ ટીમો સામેલ હતી.

૧૯ નવેમ્બરના રોજ ડીઓટીની ટીમે ગાંધીનગર શહેરમાં મહાત્મા મંદિર 5G સાઈટ પર સ્પીડ તપાસી હતી જે લગભગ ૧.૫ જીબીપીએસ જોવા મળી હતી જે 4G કરતાં લગભગ ૧૦૦ ગણી ઝડપી હતી. સ્પીડ ટેસ્ટ નોન સ્ટેન્ડ અલોન 5G મોડ પર કરવામાં આવ્યું હતું.

# કુડાસણમાં ગેરકાયદેસર બિલ્ડીંગનુ બાંધકામ તોડવા ગુડાની કાર્યવાહી શરૂ

**કુડાસણની ગ્રીન પાર્ક સોસાયટીમાં અગાઉ ગેરકાયદેસર બાંધકામ સંદર્ભે બિલ્ડરની ઇમ્પેક્ટ ફી ની અરજી પણ રદ થઇ હતી : ગુડાની ટીમ જે સી બી અને પોલીસ સાથે સ્થળ પર પહોંચી હજુ બાંધકામ તોડવાનુ કામ બે ત્રણ દિવસ ચાલશે**

ગાંધીનગર તા ૨૪

કુડાસણની ગ્રીનપાર્ક સોસાયટીમાં બિલ્ડરે ગેરકાયદેસર





બાંધકામ કરતા ગુડાના અધિકારીઓએ આજે પોલીસ ટીમ સાથે સ્થળ પર પહોંચીને આ બાંધકામ તોડી પાડયુ હતુ. ત્રણ માળના આ બાંધકામ સંદર્ભે પણ અગાઉ ઈમ્પેકટ ફી ભરીને બાંધકામને નિયમિત કરવાની યોજના સંદર્ભે કરવામાં આવેલી અરજી પણ રદ કરવામાં આવી હતી. જો કે હજુ બાંધકામ તોડવાની કામગીરી એકાદ દિવસ ચાલશે.

કુડાસણની ગ્રીનપાર્ક સોસાયટીમાં બિલ્ડર દ્વારા ગેરકાયદેસર બાંધકામ ઉભુ કરી દેવાયુ હોવાનુ ગુડાના ધ્યાને આવ્યુ હતુ. જયારે અગાઉ આ ત્રણ મજલાના બાંધકામ સંદર્ભે ઈમ્પેકટ ફી ભરીને બાંધકામને નિયમિત કરવાની પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી હતી પરંતુ આ અરજી રદ થઈ હતી જયારે બિલ્ડર દ્વારા આ બિલ્ડીંગમાં હોસ્ટેલ ચલાવાતી હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. જેમાં નોકરિયાતો તેમજ વિદ્યાર્થીઓને રૂમ પણ ભાડેથી આપવામા આવતા હતા. જો કે ગેરકાયદેસર બાંધકામ સંદર્ભે રહીશોએ કોઈ ફરિયાદ ઉઠાવી ન હતી પરંતુ આ બાંધકામ નિયમિત કરાવવા બિલ્ડર દ્વારા જ સરકારી યોજના અન્વયે કરવામાં આવેલી અરજીના આધારે સમગ્ર મામલો ગુડા સમક્ષ આવ્યો હતો. જયારે આ મામલે હાઈકોર્ટમાં પણ અરજી કરવાના અંતે પણ આ અંગે બિલ્ડરને કોઈ પરિણામ મળ્યુ ન હતુ જયારે ઈમ્પેકટ ફી ની અરજી પણ સરકારે નામંજુર કરી દીધી હતી. બિલ્ડરે આ બિલ્ડીંગમાં મેટ્રો રેલ પ્રોજેકટના કર્મચારીઓને પણ રહેણાંકની સુવિધા પુરી પાડી હતી.

બીજીતરફ શુક્રવારે ગુડાના અધિકારીઓ જે સી બી મશીન અને પોલીસ ટીમ સાથે સ્થળ પર પહોચી ગયા હતા જયારે આ ગેરકાયદેસર બાંધકામ તોડવાનુ પણ શરૂ કરી દેવાયુ હતુ. જો કે આ ગેરકાયદેસર બાંધકામ મોટુ હોવાથી હજુ બે ત્રણ દિવસ જેટલો સમય લાગશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

# આજથી ૮ મહાનગરોમાં ૧૧ થી ૫ રાત્રિ કરર્ફયૂ

**ગૃહ વિભાગ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું : રાજ્યમાં તમામ દુકાનો રાત્રે ૧૧ વાગ્યા સુધી ખુલ્લી રહેશે**

ગાંધીનગર, તા.૨૪

રાજ્યમાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. રાજ્યના ૮ મહાનગરોમાં આવતીકાલ ૨૫ ડિસેમ્બર શનિવારથી રાત્રિ કરફ્યુના હાલના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. એટલે કે રાત્રિ કર્ફ્યૂના સમયમાં સરકારે વધારો કર્યો છે. સરકારે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર, જૂનાગઢ અને ગાંધીનગરમાં હવે રાત્રે ૧૧ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી કર્ફ્યૂ રાખવાનો નિર્ણય કર્યો છે. જ્યારે રેસ્ટોરાંને રાત્રે ૧૧ વાગ્યા સુધી ખુલ્લી રાખવાની મંજૂરી આપવામાં આવી છે. આ નવી ગાઈડલાઈન ૩૧મી ડિસેમ્બર સુધી અમલમાં રહેશે.

રાજ્યના ૮ મહાનગરોમાં રાત્રિ કરફ્યુનો અમલ રાત્રીના ૧૧થી સવારના ૫ વાગ્યા સુધીનો રેહેશે. આ સંદર્ભમાં ગૃહ વિભાગ દ્વારા એક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જેના કારણે રાજ્યમાં તમામ દુકાનો રાત્રે ૧૧ વાગ્યા સુધી ખુલ્લી રહેશે. બીજી બાજુ પોલીસ તરફથી જબરદસ્ત કડકાઈ કરવામાં આવશે.

રાજ્યમાં રાત્રિ કર્ફ્યૂના સમયગાળામાં વધારો થતા હવે ૩૧મી ડિસેમ્બરની ઉજવણી શહેરીજનો માટે ફિક્કી રહેશે, એટલે કે તમે થર્ટી ફર્સ્ટની ઉજવણી જાહેર રસ્તા પર કરી શકાશે નહીં. નોંધનીય છે કે આ નવું જાહેરનામું ૩૧મી ડિસેમ્બર સુધી અમલમાં રહેશે. ૨૦ તારીખે સરકારે જાહેરનામું બહાર પાડ્યું હતું, તે મુજબ રાત્રિ કર્ફ્યૂનો સમય રાતના ૧થી સવારના ૫ વાગ્યા સુધી યથાવત રખાયો હતો. પરંતુ વધી રહેલા કોરોનાના સંક્રમણના કારણે સરકારે ૪ દિવસમાં નવું નોટિફિકેશન જાહેર કરવું પડ્યું હતું.

**કેપિટલ સ્ટેશનને નવી ટ્રેઇન મળી**

# શતાબ્દી એક્સપ્રેસનુ કેપિટલ સ્ટેશન પર ભવ્ય સ્વાગત કરાયુ

**રેલ યાત્રિકોને ગાંધીનગરથી મુંબઇ જવા માટે ઝડપી ટ્રેઇન સેવા ઉપલબ્ધ થઇ**





ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર રેલવે સ્ટેશન પર આજે બપોરે ૧ :૩૦ કલાકે શતાબ્દિ એકસપ્રેસનુ સ્વાગત કરાયુ હતુ. સવારે સુરત સ્ટેશનથી ભાજપના પ્રદેશ પ્રમુખ તેમજ રેલ રાજય મંત્રીએ લીલી ઝંડી બતાવી ટ્રેઈનનુ પ્રસ્થાન કરાવ્યુ હતુ જયારે બપોરે ૧ :૩૦ કલાકે ટ્રેઈન ગાંધીનગર આવી પહોંચતા મહાનગર ભાજપના આગેવાનોએ ટ્રેઈનનુ સ્વાગત કર્યુ હતુ.

ગાંધીનગર રેલવે સ્ટેશનને અદ્યતન બનાવાની સાથે આ વિસ્તારમાં અદ્યતન હોટલનુ પણ નિર્માણ કરાયુ છે જયારે છેલ્લા ચાર દાયકાથી વિકાસ ઝંખતા રેલવે સ્ટેશનની રોનક નિખરી છે. સ્ટેશન પર નવી ટ્રેઈન શરૂ કરવા માટે પણ લાંબા સમયથી સેંકડો રજુઆત કરવામાં આવતી હતી નગરની શુભચિંતક સંસ્થા શહેર વસાહત મહામંડળ દ્વારા પણ કેપિટલ સ્ટેશનના વિકાસ અને નવી ટ્રેઈન સેવા માટે હજારો પત્રો રેલવે વિભાગને લખવામાં આવ્યા છે. કેપિટલ સ્ટેશન પર અત્યાર સુધી ગરીબ રથ શાંતિ એકસપ્રેસ, આણંદ, ગાંધીનગર વરેઠા ગાંધીનગર વારાણસી, ઉધમપુર ભાવનગર સહીતની ટ્રેઈનો દોડે છે. જયારે હવે કેપિટલ સ્ટેશન પરથી અત્યંત મહત્વની એવી શતાબ્દિ એકસપ્રેસની સેવા પણ રેલયાત્રિકોને મળી રહેશે. આજે

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા ભાઈશ્રી **રાજેશભાઇ નારણભાઇ ત્રિવેદી** તા. ૨૩-૧૨-૨૦૨૧ ના રોજ દેવલોક પામ્યા છે. **સદગતનું બેસણુ તા. ૨૬-૧૨-૨૦૨૧ને રવિવાર**ના રોજ રાખેલ છે.

**સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ સુધી**
**સ્થળ : બ્રહ્મસમાજની વાડી, રાજવાસ, રૂપાલ**

ત્રિવેદીદિપીકાબેન રાજેશભાઇ (પત્ની)
ત્રિવેદી દેવાંશી રાજેશભાઇ (પુત્રી)
ત્રિવેદી રૂપલબેન યતિશકુમાર (બેન)
ત્રિવેદી યતિશકુમાર મહિપતરામ (બનેવી)

ત્રિવેદી મુકેશકુમાર રસિકભાઇ
ત્રિવેદી કમલેશભાઇ રસિકભાઇ
( ૯૯૨૫૦ ૪૩૩૬૦ )
ત્રિવેદી ભારતીબેન કાર્તિકકુમાર (બેન)
ત્રિવેદી કાર્તિકકુમાર મહીપતરામ (બનેવી)
( ૮૭૮૦૩ ૯૧૯૪૫)

પીયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
**પિયર પક્ષ : બિમલ હરેશભાઇ રાવલ**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com